જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૪/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૬૫૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૩૫૫ | 3 | ૧૧૩૫૮ | ૧૭૪૭૫ | 3 | ૧૭૪૭૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૫ | ૦ | ૪૭૦૫ | ૬૨૨૮ | ૦ | ૬૨૨૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૬ | ૦ | ૭૬ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૩૩૧૩૪ | ૨૩૯ | ૩૩૩૭૩ | ૩૪૪૮૯ | ૨૫૨ | ૩૪૭૪૧ |
| કુલ | | ૪૯૨૭૦ | ૨૪૨ | ૪૯૫૧૨ | ૫૮૪૭૯ | ૨૫૫ | ૫૮૭૩૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૦ | ૮,૬૬,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૨૩ | ૧૪,૨૩,૦૦૦/- |

# સુરત શહેરના ચીટીંગના ગુનામા વોન્ટેડ આરોપીની અટકાયતની વિગત

## ઈસનપુર પોલીસ સ્ટેશન

## સુરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશનના સને-૨૦૧૯ ના ચીટીંગના ગુનામા વોન્ટેડ આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

**મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા લોકરક્ષક મયુરસિંહ રમેશભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે સુરત શહેર સલાબતપુરા** પોલીસ સ્ટેશન એમ.કેસ નં ૦૩/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ વિગેરેના ગુનામા વોન્ટેડ આરોપી દિલીપભાઇ ભગવાનદાસ કેલા ઉ.વ ૪૯ રહે,ઘર નંબર એ.આર.એસ/૨ આદર્ષ ટેનામેન્ટ ઠક્કર ડેરી પાસે ઇસનપુર અમદાવાદ શહેરનાને આદર્ષ ટેનામેન્ટ તેના ઘરેથી તા.૦૯/૦૪/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી પાડી સુરત શહેર સલાબતપુરા પોલીસ સ્ટેશન ખાતે સોપવામા આવેલ છે તા.૧૦/૦૪/૨૦૨૧



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૫૭/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૭ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૫૮/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૬૫૯/૨૦૨૧

**નરોડાઃ** હકુભાઇ બાબુભાઇ ખાચર (ઉ.વ.૪૨) (રહે. સત્ય નારાયણ સોસાયટી વિભાગ-૨ બેંક ઓફ બરોડા સામે વેજલપુર રોડ વેજલપુર) એ તા.૧૦/૦૪/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી મહિપતસિહ રણધીરસિહ રાજપુત (રહે. તુલસીનગર રાગોલીનગર પાસે નારોલ) તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ નરોડા રીંગરોડ સર્કલ જુની કાકા ભાજીપાઉ પાસે નરોડા ખાતેથી હકુભાઈ ખાચરની લકઝરી બસ નંબર જીજે ૧૪ ડબલ્યુ ૦૯૮૮ કિમત રૂપિયા ૧૧,૧૧,૦૦૦/- નક્કી કરી વેચાણ લઈ જઈ બાકી નીકળતા નાણા ૭,૦૦,૦૦૦/- આજદિન સુધી નહી આપી તેમજ સને ૨૦૧૮/જાન્યુઆરીથી ભરવાનો થતો વ્યાજ સહીતનો આર.ટી.ઓ.ટેક્સ આશરે રૂપિયા ૨૨,૦૦,૦૦૦/- નહી ભરી અને લકઝરી બસ અન્ય કોઇને વેચાણ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

## બનાવટી દસ્તાવેઝ/ઉચાપતઃ- સમાચાર યાદી નં.૬૬૦/૨૦૨૧

**કારંજઃ** અરવિંદવન કૈલાશવન બાવા (ઉ.વ.૪૮) (રહે. શીલાલેખ રાજધાની ટાઉનશીપ રાધનપુર રોડ કલાપી ટાઉનશીપ પાછળ મહેસાણા) એ તા.૧૦/૦૪/૨૦૨૧ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી જનરલ વર્કસ યુનીયનના જનરલ સેક્રેટરી મહેન્દ્રભાઇ અમથાભાઇ દેસાઇ (રહે. ગઢવી સોસાયટી વિમલ હાઉસની બાજુમાં આશ્રમ રોડ નવરંગપુરા) એ તા.૧૯/૧૨/૨૦૧૦ થી તા.૨૦/૦૫/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન જનરલ વર્કસ યુનીયન મજુર મહાજન સંઘ લાલદરવાજા ખાતે ભોયરામાં આવેલ ઓફીસ ખાતે બનાવટી દસ્તાવેજો તૈયાર કરી જુદા-જુદા યુનીયનોના કામદારોના રોકડ તેમજ એફ.ડી.ના નાણાં મળી કુલ રૂપિયા ૮૭,૧૧,૪૦૮/- ઉચાપત કરી કામદારો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૬૧/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ પ્રસન્નાબા વા/ઓ બહાદુરસિહ (ઉ.વ.૬૮) (રહે. લેકવ્યુ એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર તળાવ સામે વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૧ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ ભીમજીભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ** ઇશ્વરભાઇ છગનભાઇ સાકરીયા (ઉ.વ.૫૮) (રહે. અલકાપાર્ક સોસાયટી ડોન બોસ્કો સ્કુલની બાજુમાં જીવરાજપાર્ક) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે ઓર્ચીડ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૪/૨૦૨૧ સાજના ૬/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઈ અળખાભાઈ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** હાજીમોહમદ અશરફજી કિમસરવાલા (ઉ.વ.૬૮) (રહે. નગરી બિલ્ડીંગ સામે કમલ પાનના ગલ્લાની બાજુની ગલીમા આસ્ટોડીયા ચકલા બી.આર.ટી.એસ. પાસે આસ્ટોડીયા) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૦/૦૪/૨૦૨૧ કલાક ૧૨/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની જાળી સાથે ચાદર બાંધી ગળોફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઝીણાભાઇ ધુળાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી